વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૫૧ |
| અમદાવાદ | ૧૯૬ |
| ગાંધીનગર | ૩૪ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૩ | ૨ ઓક્ટોબર, ૨૦૨૦, શુક્રવાર; અ. આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એલઓસી પર પાક દ્વારા ભારે ગોળીબાર : ત્રણ જવાનો શહીદ

**ભીષણ ગોળીબારમાં પાંચ જવાનો પણ ઘાયલ થયા : પૂંછમાં નિયંત્રણ રેખાને અડી આવેલી કૃષ્ણા ખીણ, ગુરુવારે સવારે કુપવાડામાં નિયંત્રણ રેખાની બાજુમાં નૌગમ સેક્ટરમાં પાકિસ્તાને ભારે ગોળીબાર કર્યો**



શ્રીનગર, તા. ૧

પાકિસ્તાન તેની વિરોધી વાતોથી નિરાશ નથી. બુધવારે રાત્રે, જમ્મુ-કાશ્મીરના જિલ્લા પૂંછમાં નિયંત્રણ રેખાને અડીને આવેલી કૃષ્ણા ખીણ અને ગુરુવારે સવારે જિલ્લા કુપવાડામાં નિયંત્રણ રેખાની બાજુમાં નૌગમ સેક્ટરમાં પાકિસ્તાને ભારે ગોળીબાર કર્યો છે. છેલ્લા ૧૨ કલાક દરમિયાન પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આ તોપમાળામાં ૩ ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને ૫ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ સૈનિકોને લશ્કરી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. તે જ સમયે, ભારતીય સૈનિકોની બદલીમાં પાકિસ્તાને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. બુધવારે રાત્રે પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લાના ક્રિષ્ના વેલી સેક્ટરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. આ શૂટઆઉટ દરમિયાન સેનાનો લાન્સ નાઈક શહીદ થયો હતો, જ્યારે બીજો એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ભારતીય સૈનિકોએ પણ યોગ્ય જવાબ આપ્યો અને જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની બે થી ત્રણ ચોકીઓ તોડી નાખી છે. આ સમય દરમિયાન, ચાર પાક સૈનિકો પણ ઘાયલ થયાના અહેવાલ છે. જો કે, હજી સુધી આની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. હદ તો એ છે કે આ પછી પણ,

● અનુસંધાન પાન-૭ પર

## સાબરમતીના સંતને શત્ શત્ વંદન




# યુપીમાં વધુ એક ગેંગરેપ : યુવતીનું મૃત્યુ

**યુપીમાં ૨૨ વર્ષની વિદ્યાર્થીની પર અપહરણ બાદ રેપ : યુવતી ૨૯ સપ્ટેમ્બરે બીકોમમાં એડમિનશન કરાવવા માટે ઘરેથી નીકળી હતી પરંતુ સાંજે ઘરે પાછી ન ફરતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી**

બલરામપુર, તા.૧

હાથરસમાં ગેંગરેપ મામલે પીડિતાની ચિતાની આગ હજુ ઠંડી નથી પડી ત્યાં ઉત્તર પ્રદેશમાં જ આવો એક બીજો માનવતાને શર્મસાર કરતો બનાવ બન્યો છે. યુપીના બલરામપુરમાં ૨૨ વર્ષની અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીનું અપહરણ કરીને તેની સાથે રેપની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ યુવતીને નશીલો પદાર્થ ખવડાવીને હેવાનોએ તેની સાથે ગેંગરેપની ઘટનાને અંજામ આપ્યો. એટલું જ નહીં હેવાનોએ વિદ્યાર્થીનીની હાલત સાંજે ગંભીર થઈ જતા રિક્ષામાં લાદીને તેના ઘરે મોકલી લીધી. ગણતરીના કલાકો બાદ યુવતીનું મૃત્યુ થઈ ગયું. મામલો બલરામપુરના ગેસડી પોલીસ સ્ટેશનની હદનો છે. યુવતીના પરિજનોનું કહેવું છે કે ૨૨ વર્ષની યુવતી ૨૯ સપ્ટેમ્બરે સવારે લગભગ ૧૦ વાગે બીકોમમાં એડમિનશન કરાવવા માટે ઘરેથી નીકળી હતી. પરંતુ જ્યારે સાંજે લગભગ ૫ વાગે પણ ઘરે પાછી ન ફરી તો તેની શોધખોળ શરૂ કરવામાં આવી. લગભગ સાંજે ૭ વાગે યુવતી એક

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૭૨ કલાકમાં દુષ્કર્મના ૧૮ કેસમાં ૬ સગીરા છે.
- ગૃહમંત્રી અમીત શાહને પશ્ચિમ બંગાળની ચૂંટણીના ઈન્ચાર્જ નિમ્યા.
- કોંગ્રેના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલ કોરોનાથી સંક્રમિત.
- કેન્દ્રીય એફએસએલના રિપોર્ટમાં સુષાંતસિંહની હત્યાના કોઈ પુરાવા મળતા નથી એમ જણાવાયું છે
- સપ્ટેમ્બરમાં મેન્યુફેક્ચરિંગ PMI ૮ વર્ષની ઉચ્ચ સપાટીએ પહોંચ્યો
- કેન્સલ થયેલી એર ટિકિટનું રિફંડ તાત્કાલિક આપવા સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યા
- જીએસટી વાર્ષિક રિટર્નની મુદત ૩૧ ઑક્ટોબર સુધી લંબાવાઈ

# હાથરસ પીડિત પરિવારને મળવા જતા રાહુલ ગાંધી અને પોલીસ વચ્ચે ઘર્ષણ

**રાહુલ ગાંધી પોલીસ સાથેની ધક્કામુક્કીમાં જમીન પર પડતાં કોંગ્રેસમાં આક્રોશ : શું આ દેશમાં ફક્ત મોદીજીને પગપાળા ચાલવાનો અધિકાર છે? : રાહુલ ગાંધી**

ન્યુ દિલ્હી,તા.૧

હાથરસ ગેંગરેપ કેસ મામલે કોંગ્રેસનો આક્રોશ રસ્તા પર જોવા મળી રહ્યો છે. આ ક્રમમાં પીડિત પરિવારને મળવા માટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી હાથરસ માટે રવાના થયા છે. યુમના એક્સપ્રેસવે પર જ્યારે પોલીસે તેમને અટકાવ્યા તો તે પોતાની ગાડીમાંથી ઉતરી પગપાળા જ હાથરસ માટે નીકળી પડ્યા હતા. આ વચ્ચે એક તસવીર પણ જોવા મળી છે કે જેમાં રાહુલ ગાંધી ધક્કા મુક્કી પછી જમીન પર પડી ગયા હતા. આ પછી તેમની સુરક્ષામાં લાગેલા જવાનોએ તેમને ઉભા કર્યા હતા. રાહુલનો આરોપ છે કે પોલીસે તેમને ધક્કો માર્યો અને લાઠીઓ પણ મારી હતી.

પોલીસે રાહુલ અને પ્રિયંકા



ગાંધી સહિત અન્ય કાર્યકર્તાઓની અટકાયત કરી છે. જાણકારી પ્રમાણે રાહુલ અને પ્રિયંકાની અટકાયત કરી જેવર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે.

રાહુલ ગાંધીએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે પોલીસે મને ધક્કો માર્યો છે. લાઠી મારી અને મને જમીન પર ફેંકી દીધો. હું પુછવા માંગું છું કે શું આ દેશમાં ફક્ત મોદી જીને પગપાળા ચાલવાનો અધિકાર છે. અમારા જેવા સામાન્ય લોકો પગપાળા ચાલી શકે નહીં. અમારી ગાડીઓ રોકવામાં આવી તેથી અને પગપાળા ચાલી રહ્યા છીએ.

રાહુલે કહ્યું પોલીસે મને ધક્કા માર્યા, લાઠી ચાર્જ કર્યો, મને જમીન પર પાડ્યો. અમારી ગાડીઓ રોકવામાં આવી હતી. આ કારણે અમે પગે ચાલવાનું શરૂ કર્યું. આજના હિન્દુસ્તાનમાં માત્ર મોદી જ પગે ચાલી શકે છે, મોદી પ્લેનમાં ઉડી શકે છે.

# સપ્ટેમ્બર માસમાં જીએસટીની આવક વધી ૯૫,૪૮૦ કરોડ થઈ

**અર્થતંત્ર પાટે ચઢ્યુ : આગામી ૫ ઓક્ટોબરે જીએસટી કાઉન્સિલની બેઠક, સેનેટાઇઝર, શૂઝ, ઓટો પાર્ટ્સ પર જીએસટી દરમાં ફેરફારના મહત્ત્વપૂર્ણ નિર્ણયની શક્યતા**

ન્યુ દિલ્હી,તા.૧

કોરોના મહામારીને પગલે દેશમાં લાગુ થયેલ લોકડાઉનને કારણે સમગ્ર અર્થતંત્ર પડી ભાંગ્યું હતુ. દેશનો વિકાસ દર તે ત્રિમાસિકગાળામાં ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચ્યા બાદ સામાન્ય રિકવરીના સંકેત આપી રહ્યું હતુ અને આજે આવેલ જીએસટી કર વસૂલીના આંકડા આ રિકવરીની વાતને વધુ સમર્થન આપી રહ્યાં છે.




સપ્ટેમ્બર માસમાં દેશમાં લાગુ થયેલ યુનિવર્સલ ટેક્સ કલેક્શન સિસ્ટમ ય્જી પેટે સરકારને રૂ. ૯૫,૪૮૦ કરોડની આવક થઈ છે. આજે જાહેર થયેલ આંકડા અનુસાર ગત મહિને દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઉઘરાણી રૂ. ૯૫.૪૮૦ કરોડ રહી છે,જે લોકડાઉન બાદનો એટલે કે માર્ચ બાદનો સૌથી ઉંચો આંકડો છે. ઓગષ્ટ માસની સરખામણીએ સપ્ટેમ્બરમાં જીએસટી કલેકશન ૧૦.૪% અને ગત વર્ષના ઓગષ્ટ, ૨૦૧૯ની સાપેક્ષે ૪% વધુ છે.

નાણામંત્રાલયે એક માસિક રીપોર્ટમાં કહ્યું કે કુલ જીએસટીમાંથી ૧૭,૭૪૧ કરોડ સેન્ટ્રલ જીએસટી પેટે, ૨૩,૧૩૧ કરોડ સ્ટેટ જીએસટી પેટે મળ્યાં છે. આ સિવાય માલસામાનની આયાતના સેસના ૨૨,૪૪૨ કરોડ સહિત કુલ ૪૭,૪૮૪ કરોડ ઈન્ટીગ્રેટેડ જીએસટી પેટે મળ્યાં છે. ગત મહિને સરકારને સેસ પેટે પણ રૂ. ૭૧૨૪ કરોડની આવક થઈ છે,જેમાં ૭૮૮ કરોડ માલસામાનની આયાત ઉપર મળ્યાં છે.

# કોરોનાને કારણે દેશમાં ૬૫ ટકા લોકોની આવક ઘટી

**૧૬ ટકા લોકોએ પૂરેપૂરી આવક ગુમાવી દીધી**

ન્યુ દિલ્હી,તા.૧

કોરોનાના પાપે દેશના ૬૫ ટકા લોકોની આવકને પ્રતિકૂળ અસર થઈ હતી અને તેમાં પણ ૧૬ ટકા લોકો એવા હતા જેમની આવક પૂરેપૂરી ખતમ થઈ ચૂકી હતી.

તાજેતરમાં કરાયેલા એક સર્વેમાં આવો દાવો કરાયો હતો. પૈસાબાજાર નામની સંસ્થાએ કરેલા સર્વેમાં કોરોનાની અર્થતંત્ર પર થયેલી પ્રતિકૂળ અસરના આંકડા મળ્યા હતા. આ સર્વે મુજબ પાટનગર નવી દિલ્હી અને એનસીઆરમાં ૭૦ ટકા લોકોની આવકને પ્રતિકૂળ અસર થઈ હતી.

આ લોકોમાં ૧૬ ટકા એવા લોકો હતા જેમની આવક પૂરેપૂરી ખતમ થઈ ચૂકી હતી. બીજે ક્રમે બેંગાલુરુ આવ્યું હતુ જ્યાં ૬૭ ટકા લોકોએ તેમની આવક ઘટી હોવાનું કહ્યું હતુ જ્યારે ૧૨ ટકા લોકોએ પૂરેપૂરી આવક ગુમાવી હોવાનો દાવો કર્યો હતો. આંધ્ર પ્રદેશના હૈદરાબાદમાં આ આંકડા ૬૩ ટકા અને વીસ ટકા હતા, મુંબઈમાં ૬૩ ટકા અને ૨૬ ટકા હતા, ચેન્નાઈમાં ૫૨ ટકા અને નવ ટકા હતા.

દેશના ૩૭ શહેરોના કુલ ૮,૬૧૬ લોકોની પ્રતીકાત્મક પૂછપરછ કરાઈ હતી. આ એવા લોકો હતા જેમના પર સરેરાશ એક લાખ રુપિયાનું દેવું હતું. લોન પરના વ્યાજની ચૂકવણી કરી શકે એવા લોકોના આંકડા આ મુજબ હતા- ચેન્નાઈમાં ૬૬ ટકા, હૈદરાબાદરમાં ૫૫ ટકા, દિલ્હી એનસીઆરમાં ૫૩ ટકા, બેંગાલુરુમાં ૪૯ ટકા અને મુંબઈમાં ૪૮ ટકા લોકો વ્યાજ ચૂકવવા સક્ષમ હતા.

# કોરોના સંકટ યથાવત્ : ૨૪ કલાકમાં નવા ૮૬૮૨૧ પોઝિટિવ દર્દી નોંધાયા

**૧૧૮૧ના મોત સાથે કુલ મૃત્યુનો આંકડો ૯૮,૬૭૮ થયો : કુલ કેસ ૬૩.૧૨ લાખ થયા, કોરોના કાળમાં આ મહિનો ભારત માટે રહ્યો સૌથી ખરાબ**

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં આજથી અનલોક ૫.૦ની શરૂઆત થઈ ગઈ છે. આ વખતે થિયેટરોને ૫૦ ટકા ક્ષમતા



સાથે ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જો કે કેરળ અને પંજાબમાં કોરોનાના વધતા કેસે ચિંતા વધારી દીધી છે. વિશેષજ્ઞો તેને જીવલેણ વાયરસની બીજી વેવનું જોખમ ગણાવી રહ્યા છે અને એવો અંદેશો વ્યક્ત કર્યો છે કે આવનારા તહેવારો સમયે મુશ્કેલીઓ વધી શકે છે. આ ઉપરાંત શિયાળાની ઋતુમાં પણ આ વાયરસથી બચવાની સલાહ આપવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૬,૮૨૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૬૩,૧૨,૫૮૫ પર પહોંચી છે. એક જ દિવસમાં કોરોનાથી ૧૧૮૧ લોકોના મૃત્યુ થયા છે. કુલ મૃત્યુનો આંકડો ૯૮,૬૭૮ થયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ કોરોનાના કુલ ૬૩,૧૨,૫૮૫ દર્દીઓમાંથી ૯,૪૦,૭૦૫ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. જ્યારે ૫૨,૭૩,૨૦૨ લોકો સાજા થઈ ગયા છે. તહેવારો આવી રહ્યા છે એટલે કોરોનાનું જોખમ પણ વધવાની આશંકા છે. રાજધાની દિલ્હી, કેરળમાં કોવિડ ૧૯ના નવા કેસની સંખ્યા વધી છે. દિલ્હીમાં કોરોનાનો પહેલો પીક જૂનમાં જોવા મળ્યો હતો.




પ્રથમ માસિક પૂણ્યતિથિએ

શ્રધ્ધાંજલિ

આપશ્રી સાથે સરકારી સેવાની યાદગાર સફરનો અવસર ગૃહવિભાગમાં મળેલ જેમાં આપની અધિકારી તરીકેની કાબેલીયત, વહીવટી અને કાયદાકીય જ્ઞાન, સાલસ, સરળ અને સદાય મદદરૂપ થવાના સ્વભાવ થકી આપ અમારા માર્ગદ્રષ્ટા બની રહ્યા તેનું ઋણ સ્વીકાર કરી અમે સૌ ગૃહ વિભાગના પૂર્વ અધિકારીઓ આપશ્રીને હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ આપીએ છીએ...

સ્વ. કરણસિંહજી દોલતસિંહજી મહિડા સ્વ.તા.૦૨-૦૯-૨૦૨૦

(નિવૃત, અધિક સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર)

| | |
|---|---|
| શ્રી પી. એન. દોશી (નિવૃત, નાયબ સચિવ) | શ્રી બી. સી. યાદવ (નિવૃત, સંયુક્ત સચિવ) |
| શ્રી મુકેશ વેદ (નિવૃત, સંયુક્ત સચિવ) | શ્રી જે. આર. રાજપૂત (નિવૃત, નાયબ સચિવ) |
| શ્રી અશ્વિન એન. દવે (નિવૃત, નાયબ સચિવ) | શ્રી જે. બી. શાહ (નિવૃત ઉપ સચિવ) |
| શ્રી મયુર ભટ્ટ (ઉપ સચિવ, રાજ્ય આયોજન પંચ) | શ્રી પરેશ પંડ્યા (નિવૃત, સેક્શન અધિકારી) |
| શ્રી એસ. કે. પટેલ (નિવૃત ઉપ સચિવ) | શ્રી ડી. એફ. શાહ (નિવૃત, ઉપ સચિવ) |
| શ્રી સુરેશ જી. દવે (નિવૃત, સેક્શન અધિકારી) | શ્રી ભરત વિ. કંસારા (નિવૃત, સેક્શન અધિકારી) |